# નિયમ સંગ્રહ – ૪

## *કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો*

૪.૧ કચેરી નિરીક્ષણ

૪.૨ મકાન ચકાસણી

૪.3 પ્રવાસ દિવસો

૪.૪ રાજ્ય સરકારની કચેરીમાં કર્મચારીઓએ બજાવવાની થતી કામગીરીના માપદંડો.

૪.૫ વાવેતરની ભૌતિક ચકાસણી બાબત.

૪.૬ જંગલ સંરક્ષણ અને ચકાસણી બાબત.

૪.૭ વર્કિંગ પ્લાન/ મેનેજમેન્ટ પ્લાન.

# ૪.૧ કચેરી નિરીક્ષણ

વન વિભાગની કચેરીઓમાં નીચેના અધિકારીઓને નિરીક્ષણ કરવાની સત્તા મર્યાદાઓ આપેલ છે જે નિરીક્ષણ કરી તેમની ઉપલી સત્તાને અહેવાલ કરશે વર્ષમાં ઓછામાં ઓછા એક વખત-

| | |
|---|---|
| (૧) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક | મુખ્ય વન સંરક્ષક/ વન સંરક્ષકની કચેરી/ નાયબ વન સંરક્ષકના ઇન્સ્પેકશન રીપોર્ટ રીવ્યું તપાસણી અહેવાલની પુનઃચકાસણી |
| (૨) મુખ્ય વન સંરક્ષક/ વન સંરક્ષક | વિભાગ કચેરી અને સબ ડિવિઝન, પેટા વિભાગ કચેરી. |
| (૩) નાયબ વન સંરક્ષક | રેન્જ કચેરી/ રાઉન્ડ અને રેન્જ કેશબુની વર્ષમાં એક વખત ચકાસણી. |
| (૪) મદદનીશ વન સંરક્ષક | રેન્જ કચેરી/ રાઉન્ડનું નિરીક્ષણ અને રેન્જ કેશબુકની દર છ માસે એક વખત ચકાસણી. |
| (૫) રેન્જ ફોરેસ્ટ ઓફિસર | રાઉન્ડ કેશબુકની દર ત્રણ માસે ચકાસણી. |

# ૪.૨ મકાન ચકાસણી

(૧) નાયબ વન સંરક્ષકે તેમના કાર્ય ક્ષેત્રમાં આવેલ તમામ મકાનોની વારંવાર તપાસણી કરવાનું રહેશે અને બધાજ મકાનોની વ્યવસ્થિત જાળવણી કરી સારી સ્થિતિમાં રહે તે જોવાનું રહેશે.

(૨) રેન્જ ફોરેસ્ટ ઓફિસરે તેમની રેન્જમાં આવેલ તમામ મકાનોનું નિરીક્ષણ કરી મકાનોને રીપેરીંગ કરવાના તથા પ્લાન એસ્ટીમેટ તૈયાર કરી વર્ષની શરૂઆતમાં નાયબ વન સંરક્ષકને રજુ કરવાના રહેશે અને કોઇ ના તાત્કાલિક રીપેરીંગ કરવાની જરૂરી ઉભી થાય તો ગમે ત્યાર રજુ કરી શકશે.

(૩) માયપોથીમાં પી.ડબ્લુ.ડી. વિભાગના નિયમો પ્રમાણે નોંધ કરવાની રહશે.

# *૪.૩ પ્રવાસ દિવસો*

કાયમી મુસાફરી ભથ્થુ મેળવતા અધિકારી/ કર્મચારીઓને તેમની ફરજના ભાગરૂપે મુખ્ય મથક તેમજ મુખ્ય મથક બહાર રહીને કરવાના તથા પ્રવાસ અંગે નીચે મુજબ ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

| **સંવર્ગ** | **કરવાના થતા પ્રવાસના દિવસો** |
|---|---|
| (૧) મુખ્ય વન સંરક્ષક/ વન સંરક્ષક (વર્તુળના વડા) | ૧૫૦ દિવસ જેમાં ૧૨૦ રાત્રી રોકાણ |
| (૨) નાયબ વન સંરક્ષકશ્રી/ મદદનીશ વન સંરક્ષક (વિભાગ-પેટા વીભાગના વડા) | ૧૮૦ દિવસ જેમાં ૧૫૦ રાત્રી રોકાણ |
| (૩) રેન્જ ફોરેસ્ટ ઓફીસર (રેન્જના વડા) | ૨૦૦ દિવસ ---- |
| (૪) વનપાલ (રાઉન્ડ ઇનચાર્જ) | ૨૪૦ દિવસ ---- |
| (૫) સર્વેયર (ક્ષેત્રીય) | ૨૦૦ દિવસ ---- |

G.F.M.-1 આર્ટીકલ નં.૧૪૬ થી ૧૫૫ ચેપ્ટર નં.XIV, પેજ નં.૪૪ થી ૪૬

નોંધઃ- વન સંરક્ષક અને નાયબ વન સંરક્ષક હાલ (૧૯૯૬ પછી) કાયમી મુસાફરી ભથ્થુ મેળવતા નથી.

# ૪.૪ રાજ્ય સરકારની કચેરીમાં કર્મચારીઓએ બજાવવાની થતી કામગીરીના માપદંડો

(૧) સચિવાલય અને બિન સચિવાલય કચેરીના નોંધણી કારકુન માટે દરરોજના ૪૬૮ ટપાલ નોંધવી તથા રવાનગી કારકુનને ૨૯૪ ટપાલ રવાનગી કરવી.

(૨) રાજ્ય સરકારના કામકાજ ખરેખર ૨૭૦ દિવસ પ્રમાણે સરકારી કર્મચારીને ૧૬૫૦ કલાક વાર્ષિક કામગીરી બજાવવાનો માપદંડ નક્કી થયેલ છે.

# ૪.૫ વાવેતરની ભૌતિક ચકાસણી બાબત.

| | કુલ વાવેતર | અહેવાલની તારીખ | અને મોકલવા માટેના અધિકારી |
|---|---|---|---|
| રેન્જ ફોરેટ ઓફીસર (રેન્જના વડા) | નિરીક્ષણ-૧૦૦%<br>ચકાસણી- ૧૦૦% | ૧૫/૧૧ અને ૧૫/૦૫ | નાયબ વન સંરક્ષક, |
| નાયબ વન સંરક્ષકશ્રી, (વિભાગના વડા) | નિરીક્ષણ-૧૦૦%<br>ચકાસણી- ૧૦૦% | ૧૫/૧૧ અને ૧૫/૦૫ | મુખ્ય વન સંરક્ષક/વન સંરક્ષક, |
| મુખ્ય વન સંરક્ષક/ વન સંરક્ષકશ્રી (વર્તુળના વડા) | નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા કરવામાં આવેલ અહેવાલ પૈકીના અમુક વાવેતરના નિરિક્ષણ અને ચકાસણી | ૧૫/૧૨ અને ૧૫/૦૬ | અધિક અગર મુખ્ય વન સંરક્ષક/ મુખ્ય વન સંરક્ષક |

મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય, વડોદરાએ તેઓના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (મોનીટરીંગ) તેમના હસ્તકના ક્ષેત્રીય કર્મચારીઓ અથવા આંતર વિભાગીય અધિકારીઓની મદદથી દરેક વિભાગમાં સેમપલ ચકાસણી કરાવશે.

# ૪.૬ જંગલ સંરક્ષણ અને ચકાસણી બાબત.

ગુજરાત રાજ્યના જંગલ વિસ્તારમાં બિન અધિકૃત વૃક્ષ કપાણ, ચરિયાણ, ખેડાણ બિન અધિકૃત વન પેદાશની હેરેફરે, ખનિજ કાઢવું, દવ વન પેદાશ તથા વન્યપ્રાણીના ગુનાઓનું પ્રમાણ દિન પ્રિતિદિન વધતું જણાતાં આવી વન સંપત્તિને થતું નુકશાન અટકાવવા માટે તેમજ જંગલ સંરક્ષણને વેગ આપવા નીચે મુજબની પદ્ધતિઓનો અમલ કરવામાં આવે છે.

| અ.નં. | સંવર્ગ | કોને અહેવાલ કરવો/ સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | વનરક્ષક | પખવાડિક અહેવાલ દર માસની ૧૬ મી અને ૧ લી તારીખે પરિક્ષેત્ર વન અધિકારીને કરવો. |
| ૨ | વનપાલ | એક બીટનું ફેરણું કરી દરમાસની ૧ મી તારીખે પ.વ.અ. ના.વ.સં. ને અહેવાલ કરવો. |
| ૩ | પરિક્ષેત્ર વન અધિકારી | જંગલ ખેરીયત અહેવાલ દરમાસની ૫ મી તારીખે ના.વ.સં. કરવો. |
| ૪ | મદદનીશ વન સંરક્ષક | જંગલ વિસ્તારની સો ટકા ચકાસણી દર છ માસે કરવી. |
| ૫ | નાયબ વન સંરક્ષક | સંવેદનશીલ જંગલભાગનું સો ટકા પુરેપુરા વિસ્તારની દર વર્ષે મુલાકાત લેવી. દર માસે મદદનીશ વન સંરક્ષકશ્રીને અને પરિક્ષેત્ર વન અધિકારીની બેઠક બોલાવી ગત માસના ગુનાની સમીક્ષા કરવી. |
| ૬ | વન સંરક્ષક/ મુખ્ય વન સંરક્ષક | નાયબ વન સંરક્ષક કરેલ અહેવાલની સમીક્ષા કરી અગ્ર મુખ્ય વન સંરક્ષકને અહેવાલ કરવો. ૧૦% જેટલા જંગલની મુલાકાત લેવી અને ૨% જેટલા વિસ્તારની મુલાકાત લઇ ખેરીયત રીપોર્ટ અગ્ર મુખ્ય વન સંરક્ષકને કરવો. |

(૧) ગેરકાયદેસર કપાણ થયેલ ઝાડની સંખ્યા બાબતે નીચેનું ધોવાણ નક્કી કરેલ છે અને તે મુજબ તેમના ઉપલી અધીકારીને અહેવાલ કરવાનો રહેશે.

| અ.નં. | સંવર્ગ | ગેરકાયદેસર કપાણ |
|---|---|---|
| (૧) | વનપાલ | તમામ કેસો માટે |
| (૨) | પરિક્ષેત્ર વન અધિકારી | ૫ થી ૨૪ વૃક્ષ |
| (૩) | મદદનીશ વન સંરક્ષક | ૨૫ થી ૫૦ વૃક્ષ |
| (૪) | નાયબ વન સંરક્ષક | ૫૦ ઉપરના વૃક્ષ |

| | |
|---|---|
| જંગલ સંરક્ષણની કામગીરી કરતા કોઇ ઘર્ષણ અથવા હુમલાનો બનાવ | નાયબ વન સંરક્ષક સ્થળ મુલાકાત લઇ ૨૪ કલાકમાં સરકારને અહેવાલ કરવો. |
| વન્યપ્રાણી લગત અનુસૂચિ-૧ અથવા ૨ ના પ્રાણીના શિકાર અને વેપારનો બનાવ અથવા સાઇટીસના ઉલ્લંઘનનો બનાવ | નાયબ વન સંરક્ષક સ્થળ મુકાલકાત લેવી અને મૃત્યુ હોય ત્યારે ૨૪ કલાકમાં અગ્ર મુખ્ય વન સંરક્ષક, વન્યપ્રાણીને અહેવાલ કરવો. |
| સહાયક વન સંરક્ષક | ૨૪ કલાકની અંદર મુલાકાત લેવી.<br>(૧) અનુસૂચિ-૧ તથા ૨ માં રક્ષિત પ્રાણીઓના અકુદરતી મુત્યુના બનાવો.<br>(૨) અનુસુચિત-૩ તથા ૪ ના રક્ષિણ પ્રાણીઓના શિકાર તથા વેપારના બનાવો.<br>(૩) અનુસુચિ ૬ તથા કલમ-૧૭ ને લગત તમામ ગુન્હા. |
| પરિક્ષેત્ર વન અધિકારી | ૨૪ કલાકની અંદર મુલાકાત લેવી.<br>(૧) ઉપર જણાવેલ મુદ્દા નં.૧ અને ૨ માં સમાવિષ્ટ તમામ બનાવો.<br>(૨) અનુસુચિ ૧ તથા ૨ માં રક્ષિત પ્રાણીઓના કુદરતી મુત્યુના બનાવો. |
| જંગલમાં દવના રક્ષણ માટે | નાયબ વન સંરક્ષકશ્રી સંવેદનશીલ વિસ્તારના નકશા બનાવી રાખવા. પરિક્ષેત્ર વન અધિકારી સાથે રાખી સ્થળ મુલાકાત લેવી/ નુકશાન/ દવના કારણો અને ભવિષ્યમાં દવ લાગે તે માટે નિયત્રણના પગલા લીધા છે તેનો દિન ત્રણમાં અગ્ર મુખ્ય વન સંરક્ષકને અહેવાલ કરવો. |

# ૪.૬ જંગલ સંરક્ષણ અને ચકાસણી બાબત.

વન વિભાગમાં જંગલોની વન સંવર્ધન, કાપણી અને વહીવટ માટે તૈયાર કરાયેલ વર્કિંગ પ્લાન કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરવામાં આવે છે તથા આ મંજુર કરાયેલ વર્કિંગ પ્લાન (આયોજન પ્લાન) મુજબ કાર્યો કરવામાં આવે છે. વર્કિંગ પ્લાનમાં જુદા જુદા તબક્કે આવશ્યકતા પ્રમાણે ફેરફાર કરવાનો હોય તો તે બાબતે ડેવીએશન દરખાસ્તો વર્કિંગ પ્લાનના ડેવીએશન મંજુર કરવાની તમામ તબક્કે નિયત સત્તાઓ આપવામાં આવેલ છે. વિભાગની કક્ષાએથી વર્કિંગ પ્લાન ઓફીસરને સાદર કરવાની થાય છે.

નેશનલ પાર્ક, અભ્યારણ્ય અને બાયોસ્ફીયર રીઝર્વનો વહીવટ મંજુર કરેલ મેનેજમેન્ટ પ્લાન મુજબ કરવામાં આવે છે. મેનેજમેન્ટ પ્લાનમાં સમાવેશ ન હય તેવી તમામ કામગીરી માટે મુખ્ય વન્યપ્રાણી વોર્ડનની મંજુરી લેવાની થાય.

વર્કિંગ પ્લાનના ડેવીએશન મંજુર કરવાની તમામ તબક્કે નિયત સત્તાઓ આપવામાં આવેલ છે. ચરિયાર્યાવરણ પ્રત્યે જાગરૂકતા રાખી આવા કાર્યક્રમમાં સહયોગ કરવો.